# બોમ્બે ડાઈંગનું રિટેલ ડિવિઝન ₹100 કરોડ રોકશે

ઇટી બ્યૂરો

અમદાવાદ

બોમ્બે ડાઈંગના રિટેલ વિભાગે ૨૦૨૦ સુધીમાં ₹૧૦૦ કરોડની રોકાણ યોજના હાથ ધરી છે. આ યોજના હેઠળ ગુજરાત સહિત દેશભરમાં રિટેલ આઉટલેટ્સની સંખ્યા વધારવામાં આવશે, માર્કેટિંગ પાછળ વધુ ધ્યાન કેન્દ્રિત કરાશે અને નવી પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવશે એમ કંપનીના સીઈઓ નાગેશ રંજનાએ જણાવ્યું હતું. કંપની ટૂંક સમયમાં બેડ, બાથ અને તેને લગતા સેગમેન્ટમાં ડિજિટલ ડિઝાઈન પ્રોડક્ટ લોન્ચ કરશે જે ₹૭,૦૦૦થી વધુની કિંમતના હશે. કંપનીના આ ડિવિઝનની વર્તમાન રેવન્યુ ₹૩૦૫ કરોડથી વધીને ૨૦૨૦ સુધીમાં ₹૧,૦૦૦ કરોડ થવાનો અંદાજ મૂકવામાં આવે છે. કંપનીના કુલ કામકાજમાં પાંચ ટકાની રેવન્યુ આ ગાળામાં વધીને આઠ ટકા થશે.



૧૩૭ વર્ષ જૂની કંપની હવે યુવાનોને આકર્ષવા જઈ રહી છે. માર્ચ સુધીમાં કંપની ઈ-કોમર્સ પોર્ટલ લોન્ચ કરશે અને ઓનલાઈન ક્ષેત્રે ૨૦૨૦ સુધીમાં કુલ બિઝનેસના ૮થી ૧૦ ટકા બિઝનેસ થશે. કંપની ૨૦૨૦ સુધીમાં તેના રિટેલ બિઝનેસના ટર્નઓવરને હાલના ₹૩૦૦ કરોડથી વધારીને ₹૧,૦૦૦ કરોડ પહોંચાડશે. કંપની હવે તદ્દન નવા લૂક સાથે યુવાનોને લક્ષ્યમાં રાખી વિકાસ સાધવા માંગે છે. ₹૧,૮૪૫ કરોડની બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં બોમ્બે ડાઈંગ રિટેલ ૩૦ ટકા હિસ્સો ધરાવે છે. બોમ્બે ડાઈંગ રિટેલના મલ્ટિ બ્રાન્ડેડ આઉટલેટની સંખ્યા હાલમાં ૫,૦૦૦ છે જે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૧૦,૦૦૦ સુધી પહોંચાડવા માંગે છે. હાલના ફ્રેન્ચાઈઝી સ્ટોરની સંખ્યા ૨૦૦ છે તેને ૫૦૦ સુધી પહોંચાડશે.